Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, જામનગર (જિલ્લો)
સત્યમેવ જયતે
ગુજરાત રાજ્ય
Jamnagar District

નં.ડીએમ/લો.સ.ચટણ/૦૨-૦૧/૨૦૨૪
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, જામનગર
તા.૨૬/૦૪/૨૦૨૪

વિષય:- ચૂંટણી ફરજ માટે ઝોનલ ઓફિસર તરીકે નિયુકત અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને કાર્યપાલક મેજીસ્ટ્રેટની સત્તાઓ આપવા બાબત.

**વંચાણે લીધા:-**

(૧) ભારતના ચૂંટણીપંચની પ્રેસનોટ નં.ઈસીઆઇ/પીએન/૨૩/૨૦૨૪, તા.૧૬/૦૩/૨૦૨૪
(૨) સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૧૮/૧૦/૨૦૧૨ના જાહેરનામા ક્રમાંક: જીજી/૭૬/સીઆપીસી/૩૨૧૨/૫૯૩/મ.
(૩) જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, જામનગરના તા.૦૫/૦૧/૨૦૨૪નો હુકમ ક્રમાંક: ચટણ/લોસ/ઝોનલ/હકમ/૦૪૦૧/૨૦૨૪
(૪) જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, જામનગરના તા.૧૧/૦૩/૨૦૨૪ના હુકમ ક્રમાંક: ચટણ/લો.સ/ઝોનલ/હકમ/૦૬૦૩/૨૦૨૪
(૫) અત્રેના તા.૧૨/૦૪/૨૦૨૪ના હુકમ નં.ડીએમ/લો.સ.ચટણ /૦૨/૨૦૨૪
(૬) જિલ્લા ચૂંટણી અધિકારી અન કલેક્ટરશ્રી, જામનગરના તા.૧૬/૦૩/૨૦૨૪ના હુકમ ક્રમાંક: ચટણ/લો.સ./ઝોનલ/હકમ/૧૫૦૩/૨૦૨૪

**સુધારા આદેશ:-**

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ના અનુસંધાને જિલ્લામાં સમાવિષ્ટ મતદાન મથકો પર કામગીરી સરળતાથી થાય અને મતદાન સ્ટાફને માર્ગદર્શન મળી રહે તે હેતુથી અમુક મતદાન મથકો વચ્ચે ૧ (એક) ઝોનલ અધિકારીશ્રીની નિમણૂક વંચાણે લીધા (૩) અને (૪)ના આદેશથી કરવામાં આવેલ છે. આ અધિકારી/કર્મચારીશ્રીઓ હોદ્દાની રૂએ કાર્યપાલક મેજીસ્ટ્રેટના અધિકાર મળેલા નથી, આ કર્મચારી/અધિકારીઓ ચૂંટણીની કામગીરી મુક્ત અને ન્યાયી રીતે કરી શકે તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર સંપૂર્ણપણે નિયંત્રણ રાખી શકે તે માટે સરકારશ્રીના ગૃહ વિભાગના વંચાણે લીધેલ-(૨) જાહેરનામા મુજબ ફોજદારી કાર્યરિતી ૧૯૭૩ની કલમ-૨૧ હેઠળ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના તથા આ અધિનિયમની કલમ-૪૪,૧૦૩,૧૦૪,૧૨૯ અને ૧૪૪ના અધિકારો મળવાપાત્ર થાય છે.

આ અધિકારો ભોગવવા માટેનો વિસ્તાર અને સમયગાળો નિશ્ચિત કરવા માટે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીને અધિકૃત કરવામાં આવેલ છે. આથી વંચાણે લીધા -(૫) ના હુકમથી આ કર્મચારી/અધિકારીઓને તેઓને ફાળવવામાં આવેલ મતદાન મથકોના રૂટના વિસ્તારો માટે ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના સરકારશ્રીએ આપેલ અધિકારો ભોગવવા અધિકૃત કરવામાં આવેલ છે.

અનિવાર્ય સંજોગે વંચાણ-(૬) ના સુધારા હુકમથી અમુક કર્મચારી/અધિકારીઓની ફેરબદલી કરવામાં આવેલ છે. આથી નીચે દર્શાવેલ કોષ્ટકના કોલમ નં.(૨) માં દર્શાવેલ કર્મચારી/અધિકારીઓને કમી કરતા તેમને આપેલ અધિકાર પરત ખેંચવામાં આવે છે. તેમજ તેમના સ્થાને કોલમ નં.(૩)માં જણાવેલ કર્મચારી/અધિકારીઓને ૧૨-જામનગર સંસદીય મત વિસ્તારમાં સમાવિષ્ટ જામનગર જિલ્લાના કાર્યક્ષેત્રમાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત તા.૦૭/૦૫/૨૦૨૪ના રોજ થનાર મતદાનને ધ્યાનમાં રાખતા તા.૦૪/૦૫/૨૦૨૪થી તા.૦૯/૦૫/૨૦૨૪ સુધીના સમયગાળા માટે તેઓને ફાળવવામાં આવેલ મતદાન મથકોના રૂટના વિસ્તારો માટે ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના સરકારશ્રીએ આપેલ અધિકારો ભોગવવા અધિકૃત કરવામાં આવે છે.

| વિધાનસભા મત વિસ્તાર અને રૂટ નં. | કમી કરેલ અધિકારીશ્રીનું નામ, હોદ્દો અને કચેરી | નવનિયુક્ત કરવામાં આવનાર અધિકારીનું નામ, હોદ્દો અને કચેરી | સમાવિષ્ટ બુથના ભાગ નં. |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૭૬-કાલાવડ વિ.સ.મ.વિ. રૂટ નં. ૨૪ | શ્રી એસ.કે. જાદવ, શ્રી ડી.કે.કપુરીયા આર્ટસ એન્ડ એસ.બી.ગાર્ડી કોમર્સ કોલેજ, કાલાવડ મો. ૮૧૬૦૦૩૩૦૪૫ | શ્રી ડી. એચ. ભાર્ગવ, મદદનીશ ઈજનેર, પાણી પુરવઠા, જાહેર આરોગ્ય અને સુખાકારી પેટા વિભાગ, કાલાવડ | ૧૮૩, ૨૧૪, ૨૨૨, ૨૨૩, ૨૩૩, ૨૩૪, ૨૩૧, ૨૩૨ |

(બી.કે.પંડ્યા)
જિલ્લા મેજીસ્ટ્રેટ
જામનગર

Office of the District Magistrate, જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, જામનગર જિલ્લો, ગુજરાત રાજ્ય, Jamnagar District

પ્રતિ,
સબંધિત કર્મચારી/અધિકારીશ્રી,
(એ.આર.ઓ મારફતે)...............

નકલ રવાના:-

૧) પોલીસ અધિક્ષકશ્રી, જામનગર
૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગર
૩) નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર
૪) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર (શહેર/ગ્રામ્ય/લાલપુર/ધ્રોલ
૫) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૬-કાલાવડ (અ.જા) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, ધ્રોલ
૬) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૭-જામનગર (ગ્રામ્ય) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, જામનગર (ગ્રામ્ય)
૭) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૮-જામનગર ઉત્તર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, જામનગર (શહેર)
૮) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૯-જામનગર દક્ષિણ વિધાનસભા મતદાર વિભાગ અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જામનગર
૯) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૮૦-જામજોધપુર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, લાલપુર
૧૦) વિભાગીય પોલીસ અધિકારીશ્રી,જામનગર(શહેર/ગ્રામ્ય)
૧૧) મામલતદારશ્રી, જામનગર (શહેર/ગ્રામ્ય)/કાલાવડ/લાલપુર/જામજોધપુર/ધ્રોલ/જોડીયા
૧૨) થાણા ઈન્ચાર્જશ્રી, ......................પોલીસ સ્ટેશન, જી. જામનગર (તમામ)
૧૩) નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર
... સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિદ્ધિ અપાવવા વિનંતી સહ.

૧૪)  મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ

... રાજ્યના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિદ્ધિ અપાવી તેની પાંચ નકલો અત્રેને મોકલી આપવા વિનંતી સહ.

૧૫)  માન્ય રાજકીય પક્ષો (મારફતે : નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર)

<u>નકલ સવિનય રવાના:-</u>

૧)  મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી,
ગુજરાત રાજ્ય, સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર

૨)  નાયબ સચિવશ્રી,
ગૃહ વિભાગ, ગુજરાત સરકાર,
સચિવાલય, ગાંધીનગર